UGVCL
Uttar Gujarat Vij Company Ltd.
DIVISIOM OFFICE NEAR GANDHI BAG, PATAN MO.NO.96876 33839
CIN – U40102GJ2003SGC042906

## ADVERTISED TENDER

| PR NO.:- 389542 |
|---|
| RFQ NO.:- 54421 |

**Issued To : -**
M/s____________________________________
_______________________________________
_______________________________________

**Name of Work :-** Annual Tender for Hiring of Vehicle for **Sami S/dn** Under Division Office Patan, UGVCL.( First Attempt )
**Nivida No. :- 065/2019**

| | |
|---|---|
| Estimated cost | Rs. 5,00,000-00 |
| Earned Money Deposit | Rs. 5900.00 |
| Relevant documents (By Registered Post A.D. or Speed Post only) submission date | **On or before date 19.08.2019 Up to 18.00 Hrs** |
| Date of opening of Tender fee, EMD cover and Technical BidP hysical as well as online | Date: **20.08.2019 up to 12.00 Hrs** |
| Tender Fee | Rs. 500.00 + 18% GST |
| Time Limit | 2 Years |
| Security Deposit | Rs. 25,000-00 |
| Encl . | 1 to 7 |

Supdt. A/c (Exp)
Patan

Executive Engineer
Patan

To be filed by the Tenderers.

1. Tender fee Rs.__________ Paid vide Receipt No.____________Date______________
2. E.M.D. Rs.______________ Paid vide Receipt No.____________ Date______________
3. New vehicle Deposit Rs.__________ Paid vide Receipt No.____________ Date____________

**(Signature of Tenderers with rubber stamp)**

**Note :-** Tender must be send by speed post / RPAD only and Tender fee & Earnest money deposit will be accepted in cash or by demand draft of any schedule bank at Patan

in favor of **UTTAR GUJARAT VIJ COMPANY LIMITED** during office hours in this office, cheques or Bank guarantee will not be accepted.

-: S C H E D U L E – B :-

Vehicle No______________________Year of Model__________________

Name of Work : Hiring of Taxi-Maxi-passing ( 8+1 passing ) closed body Jeep on annual rate contract.

| Sr. No. | Description | Rate |
|---|---|---|
| 01 | Up to 3000 KMs per month and minimum 12 hours per day. | |
| 02 | Rate of over 3000 KMs per KM . | |
| 03 | Night Charge rate per night | |

Place : Patan

Date : _________________

Executive Engineer
Patan

**Note: -** RTO Registration book , Taxi Maxi passing permit certificate , Full insurance Policy, Road Passing (Fitness certy, Inspection Report) , PUC certificate, Pan

Card & license of driver to be submitted with Tender without this document tender will be rejected.

## -: ગાડી ભાડે રાખવા માટેના નિયમો અને શરતો :-

પાટણ વિભાગીય કચેરી અને તેના તાબા હેઠળ આવતી કચેરીઓ માટે બંધ બોડીની ટેક્ષી / મેક્ષી પાસીંગ જીપ ગાડી વાર્ષિક ધોરણે ભાડે રાખવા અંગેની સામાન્ય શરતો નીચે મુજબ છે.જે ભાડે આપનાર ઠેકેદાર (એક બાજુવાળા) અને ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ પાટણ (બીજી બાજુવાળા) એ કંપની સાથે રૂા.૧૦૦ નો કરારખત અને રૂા.૫૦ નો બોન્ડ કરવાનો રહેશે.

૧. ગાડી જીપ ફેરવવાનુ કાર્યક્ષેત્ર ગુજરાતભરમાં કોઇપણ જગ્યાએ લઇ જવાની રહેશે જેથી જીપ (ટેક્ષી) તમારા લાયસન્સ ધરાવતા અનુભવી ડ્રાઇવર સાથે કોન્ટ્રાકટ ઉપર ભાડે આપવાની રહેશે.

૨. આર.ટી.ઓ. ના નિયમો અનુસાર આપની જીપ (ટેક્ષી) ઓન રોડ હોવી જરૂરી છે તથા તેને લગતા તમામ ટેક્ષ, ઇન્સ્યોરન્સ, ટેક્ષી પરમીટ વગેરે પુરા ટાઇમના ભરેલા હોવા જોઇએ તેમજ પોલીસ ખાતા મારફત જે કંઇ કાર્યવાહી થાય તેની બધી જ જવાબદારી આપના શીરે રહેશે.

૩. આપના વાહનનુ મોડલ કંપનીએ મુકરર કરેલ એટલે કે ટેન્ડર પડયા તારીખથી **બે વર્ષ** સુધીના જ જુના વાહન ઉપર ટેન્ડર મળી શકશે તેથી વધુ જુના વાહન ઉપર ટેન્ડર મળી શકશે નહિ. જો **બે વર્ષ** થી વધુ જુના વાહન ઉપર ટેન્ડર ભરેલ હશે તો ટેન્ડર રદ (રીજેકટ) ગણાશે તથા આ ટેન્ડર માટે ભરેલ **ટેન્ડર ફી તથા ઇ.એમ.ડી.ની રકમ** પરત મળશે નહિ અને જપ્ત (ફોરફીટ) કરવામાં આવશે.

૪. વાહન માટે જરૂરી દસ્તાવેજો જેવા કે, આર.સી.બુકની નકલ, સંપુર્ણ વિમા પોલીસી, ટેક્ષી/મેક્ષી પાસીંગ સર્ટીફીકેટ (ટેક્ષી/મેક્ષી પાસીંગ ઓછામાં ઓછુ ૮+૧ નુ હોવુ જોઇશે.), રોડ પાસીંગ સર્ટીફીકેટ ( ફીટનેશ સર્ટીફીકેટ, ઇન્સ્પેકશન રીપોર્ટ ), કોન્ટ્રાકટ કેરીજ પરમીટ, ડ્રાઇવીંગ લાયસન્સ બેઝ વાળુ, પી.યુ.સી. સર્ટીફીકેટ, પાન કાર્ડ ની નકલ, ચુંટણી કાર્ડ ની નકલ ફરજીયાત પુરા પાડવાના રહેશે.

૫. જીપના સંપુર્ણ મરામત ખર્ચની જવાબદારી ઠેકેદારના શીરે રહેશે.

૬. કંપનીના નિયમ અનુસાર તેમજ નિયુકત કરેલ અધિકૃત અધિકારીની સુચના અનુસાર જીપ પાકા અથવા કાચા રસ્તા પર ચલાવવાની રહેશે. તેમજ તેમની સુચના અનુસાર રાત્રિ રોકાણ કરવાનુ રહેશે.

૭. કંપનીના નિયમ અનુસાર કીલોમીટર તથા કામગીરી અંગેની લોગ બુક આપે ફરજીયાત પણે રાખવાની રહેશે. જે ઠેકેદારના બીલની ચુકવણી માટે અધિકૃત રેકર્ડ ગણાશે. તે રેકર્ડમાં કંપનીએ અધિકૃત કરેલ અધિકારીની સહી કરેલ હોવી જરૂરી છે તથા લોગબુકમાં ૧ થી ૩૦ કે ૩૧ તારીખ સુધીની તમામ વિગત તથા કર્મચારીની વિગત, કામગીરીનુ સ્થળ, મુસાફરીનો હેતુ વગેરે સવિસ્તર તથા સુવાચ્ય અક્ષરે લખવાનુ રહેશે.

૮. આપે રોકેલ ડ્રાઇવરના પગાર, ભથ્થા તથા રહેવા- જમવાની સગવડ જે તે ઠેકેદારે કરવાની રહેશે.

૯. કોઇપણ શરતવાળુ કે અધુરુ ભરેલુ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ.

૧૦. ઠેકેદારે તેનુ ગાડી ભાડાનુ પાકુ બીલ દર મહિને ત્રણ નકલોમાં નીચેની વિગતો સાથે આપવાનુ રહેશે.જેનુ ચુકવણુ બીલ મળ્યા પછી એક માસની અંદર એકા.પે ના ચેકથી અથવા આર.ટી.જી.એસ. કે નેફટથી કરવામાં આવશે.

૧૧. તમોએ ભાડે મુકેલ વાહનનો સંપુર્ણ વિમો લેવાનો રહેશે અને વિમો લીધાની નકલ એગ્રીમેન્ટ કરતી વખતે રજુ કરવાની રહેશે. તેમજ વિમાની મુદ્દત પુર્ણ થાય તે તારીખથી નવો વિમો લેવામાં આવે તે સમય ગાળા દરમ્યાન તમારા ભાડે રાખેલ વ્હીકલમાં મુસાફરી કરી રહેલ અમારા સ્ટાફને ઘાતક/બિન ઘાતક કોઇ અકસ્માત થશે તો તે અંગેની સઘળી જવાબદારી તમારા શીરે રહેશે.જેની ગંભીર નોંધ લેવી. આવી પરિસ્થિતિ ન ઉદભવે તે માટે તમોએ સમયસર તમારા વ્હીકલનો સંપુર્ણ વિમો કઢાવી લેવો.

૧૨. આપની જીપ (ટેક્ષી) યુ.જી.વી.સી.એલ. ના અધિકૃત અધિકારી માંગે ત્યારે અને તેટલા સમય માટે આપવાની રહેશે. સામાન્ય રીતે તેનો સમય સવારના ૮.૦૦ કલાક થી સાંજના ૮.૦૦ કલાક સુધી રહેશે પરંતુ ઇમરજન્સીમાં વધારે સમય જીપની જરૂર પડે તો તે પ્રમાણે આપવાની રહેશે. સમય ચોકકસતાના પ્રમાણે દિવસ દરમ્યાન ૧૨ કલાક ભરેલા ભાવ પ્રમાણે કામ કરવાનુ રહેશે.

૧૩. સદરહું કોન્ટ્રાકટ માટેની સમય મર્યાદા બે વર્ષની રહેશે.પરંતુ જરૂર પડયે એક બીજાની રાજી ખુશીથી ફરીથી એજ ભાવ અને શરતો માન્ય રખાશે તો એક વર્ષ માટે કોન્ટ્રાકટ લંબાવી આપવામાં આવશે.

૧૪. આપે ભરેલ ટોલ ટેક્ષ / બ્રીજ ટેક્ષ ની પાવતીની નકલ બીલ સાથે બીડવી જરૂરી છે. જે આપના બીલ સાથે પરત કરી શકાય.

૧૫. આપે રોકેલ ડ્રાઇવરની ઉંમર ૫૫ વર્ષ કરતા વધારે હોવી ન જોઇએ.

૧૬. ડીઝલ/ટાયર/આકસ્મીક મરામત/ સર્વિસીઝ/અકસ્માત વગેરે કારણસર આપનુ વાહન રોકાયેલુ રહેશે તો તેની અવેજીમાં આપે તેટલા દિવસો માટે બીજી ગાડી પુરી પાડવાની રહેશે. તેમ છતાં **જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો પ્રત્યેક દિવસના રૂ./૧૦૦૦.૦૦ + GST પ્રમાણે બીલમાંથી કાપી લેવામાં આવશે.તેમજ અવેજીમાં કરેલ વાહનનુ ભાડુ પણ આપે ચુકવવાનુ રહેશે.**

૧૭. સદરહું કોન્ટ્રાકટ માટે આપે આપને મળેલ ઓર્ડરના ૫% પ્રમાણે કંપનીમાં સીકયોરીટી ડીપોઝીટ પેટે ભરવાના રહેશે. જો ઠેકેદાર અધવચ્ચે કોન્ટ્રાકટ રદ કરીને ચાલ્યા જશે અથવા અન્ય શરતો નો ભંગ કરતા જણાશે તો ડીપોઝીટ જપ્ત કરવાને પાત્ર થશે.

૧૮. કંપની જયારે પોતાનુ વાહન પુરુ પાડે અથવા આપના વાહનની જરૂરીયાત ઉભી ન થાય તો કંપની કોઇપણ સમયે કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય આપેલ મુદ્દત દરમ્યાન કોન્ટ્રાકટ રદ બાતલ કરી શકશે.

૧૯. સામાન્ય પ્રશ્નોના નિરાકરણ માટેની સત્તા નીચે સહી કરનાર અધિકારીની રહેશે.

૨૦. કદાચ કોઇ કાનુની ગુંચ ઉભી થાય તો પાટણ કોર્ટની હકુમત માન્ય રખાશે.

૨૧. સામાન્ય રીતે આપનુ વાહન સવારે ૮.૦૦ વાગે અમારી જે તે ઓફિસે અથવા અધિકૃત અધિકારીના આદેશ મુજબ હાજર રાખવુ પડશે.

૨૨. ઠેકેદારે વાહન ઉપર આગળના ભાગે **“ ઓન ડયુટી યુજીવીસીએલ ”** ચોખ્ખુ વાંચી શકાય તે રીતે લખવાનુ રહેશે. તે ઉપરાંત સાથે સ્પેર વ્હીલ તથા બીજા તાત્કાલીક મરામત કરી શકાય તેવા સાધનો ગાડીમાં રાખવાના રહેશે.

૨૩. આપના વાહન માટે જરૂરી ડીઝલ, ઓઇલ ,સ્પેર પાર્ટસ કે મરામત માટેના સઘળા ખર્ચની જવાબદારી આપની રહેશે.

૨૪. આપે આપની ગાડીમાં અધિકૃત અધિકારીની સુચના મુજબ કચેરીના માણસો તથા જરૂરી માલ સામાન લઇ જવા દેવા પડશે તથા માલ-સામાન લાવવા-લઇ જવા માટે ગાડી ઉપર **કેરીયર લગાવેલ ગાડી** પુરી પાડવી પડશે.

૨૫. ઠેકેદારે તેમનુ બીલ માઇલો મીટર મુજબના કી.મી. ના આંક પ્રમાણે ચુકવવામાં આવશે. કદાચ જો માઇલો મીટર બંધ હશે અથવા અયોગ્ય રીતે ફરતુ જણાશે તો તે માટે કી.મી. ની યોગ્ય ગણત્રી કરી નીચે સહી કરનાર અધિકારીની સુચના મુજબ ગણવામાં આવશે.

૨૬. ઠેકેદારના વાહનને સંજોગોવસાત જો કોઈપણ જાતની ઘાતક અથવા બિનઘાતક અકસ્માત થશે તો તેના વળતરની સઘળી જવાબદારી વાહન ધરાવનાર ઠેકેદારના શીરે રહેશે.

૨૭. કોઈપણ જાતના કારણ આપ્યા સિવાય એક જ અથવા બધા જ ટેન્ડર સ્વીકારવા કે ન સ્વીકારવા તે બાબતનો અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રી ને અબાધિત રહેશે. આ બાબતે આપનો કોઇ હકક દાવો માન્ય રખાશે નહિ.

૨૮. આપે રોકેલ ડ્રાઇવરની કામગીરી અંગે કદાચ કોઇ અસંતોષ અથવા કોઇપણ જાતની ફરીયાદ ઉદભવશે તો અધિકારીની સુચના મળ્યેથી ડ્રાઇવરને તાત્કાલીક બદલવાની વ્યવસ્થા ઠેકેદારે કરવાની રહેશે.

૨૯. ટેન્ડર લેતી વખતે જે ગાડીના દસ્તાવેજ પુરા આપ્યા હશે તેજ ગાડી આપવાની રહેશે. કદાચ સંજોગોવસાત ગાડી બદલવાની જરૂરીયાત ઉભી થાય તો નીચે સહી કરનાર અધિકારીની જરૂરી મંજુરી મેળવવાની રહેશે.

૩૦. આપનુ વાહન જયારે મુસાફરીમાં હોય ત્યારે ડીઝલ ખરીદવા, રીપેરીંગ કરાવવા તથા અન્ય ખર્ચ માટે આપે આપના ડ્રાઇવર પાસે પુરતા નાણાં આપવાની વ્યવસ્થા કરવાની રહેશે.

૩૧. જયારે જયારે ટાયર ટયુબનો ભાવવધારો થશે તે મજરે આપવામાં આવશે નહિ.પરંતુ જયારે સરકારશ્રી તરફથી ડીઝલના ભાવમાં વધારો કરેલ હશે તે તારીખથી વધારાના રૂા.૦.૧૦ પૈસા ઉપર રૂા.૦.૦૧ પ્રમાણે ફરેલ કી.મી ઉપર આ ભાવ તફાવત આપવામાં આવશે. આ ભાવ વધારો વ્હીકલ જે દિવસે ઓફિસ ખાતે મુકાય તે દિવસથી ફરેલ કી.મી. ઉપર આપવામાં આવશે તથા ડીઝલના ભાવ વધારાનુ પેટ્રોલ પંપ માલીકનુ સર્ટીફીકેટ રજુ કરવાનુ રહેશે અને આ ભાવ વધારો આપે જે મહિનામાં ભાવ વધારો થાય તે મહિનાના બિલ સાથે જ માંગી લેવો પડશે ત્યાર બાદ મળવા પાત્ર રહેશે નહિ. તેમજ ભાવમાં ઘટાડો થયેલ હશે તો રીકવર કરવામાં આવશે.

૩૨. રાત્રી દરમ્યાન આપનુ વાહન લાઇનમાં વિક્ષેપ નિવારણ તથા બીજા કોઇપણ કામકાજ માટે બોલાવવામાં આવશે તો તે કામ પુરુ થાય ત્યા સુધી વાહન રોકી રાખવામાં આવશે. આ માટે રાત્રીના ૮.૦૦ થી બીજા દિવસના સવારના ૮.૦૦ દરમ્યાન ત્રાણ કલાક કે તેથી વધુ વ્હીકલ ની સેવા પુરી પાડેલ હશે તો જ નાઇટ ચાર્જ માટે પાત્ર ગણાશે. **જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો પ્રત્યેક રાત્રીના રૂ./૧૦૦૦.૦૦+ GST પ્રમાણે બીલમાંથી કાપી લેવામાં આવશે.તેમજ અવેજીમાં કરેલ વાહનનુ ભાડુ પણ આપે ચુકવવાનુ રહેશે.**

૩૩. મહિનાના દરેક રવિવારે અઠવાડીક રજા ગણવામાં આવશે અને જો રવિવારના દિવસે ઓફિસની જરૂરીયાત મુજબ વ્હીકલ ની સેવા પુરી પાડેલ હશે તો તે રવિવારના બદલામાં એક રજા (ઓફ) મજરે આપવામાં આવશે. જે આપે

દિન-૩૦ સુધીમાં મજરે લઇ લેવાનો રહેશે. ૨૬ મી જાન્યુઆરી તથા ૧૫ મી ઓગષ્ટની રજા રહેશે. તે સિવાય કોઇપણ જાહેર રજા આપવામાં આવશે નહિ.

૩૪. જી.એસ.ટી રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર અને તારીખ ફરજીયાત રજુ કરવાનુ રહેશે.

૩૫. વ્હીકલ માલીકે ઇન્કમટેક્ષ કાપવા માટે પોતાનુ પાન કાર્ડ આપવાનુ રહેશે. જો પાન કાર્ડ નહી આપવામાં આવે તો ૨૦% ઇન્કમટેક્ષ કાપવામાં આવશે.

૩૬. ડ્રાઇવરને અઠવાડીક એક રજા આપવાની જવાબદારી ઠેકેદારની રહેશે.

૩૭. ડ્રાઇવરે મોબાઇલ ફોન રાખવાનો રહેશે.

ઉપરોક્ત તમામ સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

**નોંધ** :- નવી ગાડી લાવનાર કોન્ટ્રાકટરે ટેન્ડર સાથે નવી ગાડી માટેનુ ક્વોટેશન રજુ કરવાનુ રહેશે તથા રૂા. ૫૦૦૦.૦૦ વધારાની ડીપોઝીટ ભરવાની રહેશે. ટેન્ડર મંજુર થયેથી પંદર દિવસમાં નવુ વાહન તથા તેના તમામ દસ્તાવેજ નીચે સહી કરનાર અધિકારીશ્રીને રજુ કરવાના રહેશે.

**ભાવ પત્રાક મોકલતી વખતે કવર ઉપર "સમી સ.ડી. માટે ગાડીનુ ભાવત્રાક " લખવુ જરૂરી છે.**

કાર્યપાલક ઇજનેર
ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ
વિભાગીય કચેરી, પાટણ.

ઠેકેદારનુ નામ : ..........................................................................

ઠેકેદારનુ સહી : ..........................................................................

પુરુ સરનામુ : ..........................................................................

ટેલીફોન નં :(ઘર) ................................ મોબાઇલ નંબર : ...........................